ગાંધીનગર સમાચાર

# સાત બહેનોનો એકનો એક ભાઈ રક્ષાબંધનના દિવસે અનંતની વાટે ઉપડી ગયો

## વક્તાપુરમાં કરંટ લાગતા યુવાનનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૯

સામાન્ય રીતે સપરમાના દિવસો દરમિયાન કોઈ પરિવારમાં અજુગતી ઘટના બને ત્યારે પરિવાર સહિત ગ્રામજનો શોકમાં ગરકાવ થઈ જાય છે. દરમિયાન શનિવારે રક્ષાબંધનના પર્વે લોલાસણ ગામના એક યુવાનને અઠવાડીયા અગાઉ વિજ કરંટ લાગતા તેને સારવાર માટે અમદાવાદ સીવીલમાં ખસેડાયો હતો. જયાં તેનું શનિવારે રક્ષાબંધનની વહેલી સવારે અનંતની વાટે ઉપડી જતા તેની સાત સગી બહેનોએ આક્રંદ સાથે વલોપાત કરી વાતાવરણને શોકમય બનાવી દીધુ હતું.

આ અંગેની વિગત એવી છે કે ગત રવિવારે લોલાસણ ગામનો આનંદ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૧૩) વક્તાપુર ગામે રહેતા તેના મિત્ર -દિપ કાંતિભાઈ -જાપતિના ઘરે વાંચવા માટે આવ્યો હતો. દરમિયાન દશામાની પૂર્ણાહુતિ નિમિત્તે ગામમાં નિકળેલી શોભાયાત્રા જોવા બંને મિત્રો ઘરની અગાશી પર ચઢ્યા હતા. જયાં અચાનક ઘરને અડીને પસાર થતી ૧૧ કેવી વિજ લાઈનના વાયર સાથે આનંદનો હાથ સ્પર્સ થઈ ગયો હતો. જેના કારણે હાથ હલન ચલન કરતો બંધ થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે તરતજ હિંમતનગર સીવીલમાં લવાયો હતો.

જયાંથી વધુ સારવાર માટે આનંદને અમદાવાદ સીવીલમાં ખસેડાયો હતો. પરંતુ તેના નસીબમા ના હોય અથવા તો તેની સાત બહેનો પોતાના ભાઈને રાખડી બાંધવા કુદરતને મંજુર ના હોય તેમ રક્ષાબંધનના દિવસે -ભાતનું પહેલુ કિરણ -થ્વી પર પડે તે પહેલાજ વહેલી સવારે ૩ વાગે આનંદે અનંત યાત્રાની વાટે ચાલી નિકળ્યો હતો.

બીજી તરફ શનિવારે રક્ષાબંધન હોવાથી આનંદની સાત બહેનો રાખડી બાંધવા માટે થનગનતી હતી. અને સાતેય બહેનો શનિવારે પોતાના ભાઈને રાખડી બાંધવા માટે અમદાવાદ સીવીલમાં જવાની હતી એમ આનંદના કાકા કરસનભાઈ પરમારે જણાવ્યું હતું. પરંતુ આનંદના મોતના સમાચાર સાતેય બહેનો માટે કઠુરાઘાત સમાન બની ગયા હતા. ઉપરાંત આનંદના માતા કાન્તાબેન અને પિતા ગોવિંદભાઈ સહિત વક્તાપુર અને લોલાસણ ગામ પણ આ ઘટનાને લઈને શોકાતુર બની ગયું હતું. એટલેજ તો કહેવાય છે કે કુદરતની લીલા આગળ કાળા માથાના માનવીનું કશું જ ચાલતું નથી. જોકે આનંદના મોત માટે વિજ કંપનીની બેદરકારી પણ જવાબદાર હોવાનું ચર્ચાય છે.

### કઠીનાઈ કોની ?

લોલાસણના આનંદ પરમારને હાથમાં કરંટ લાગ્યા બાદ તેને અમદાવાદ સીવીલમાં લઈ જવાયા બાદ તબિબો દ્વારા તેની સાત બહેનો જે હાથે રાખડી બાંધવાની હતી. તે જમણો હાથ નિશ્ચેત બની ગયો હોવાથી કાપી નાખવો પડ્યો હતો. જોકે વિજ કરંટની અસર કીડની પર થઈ હોવાથી તબિબોએ ડેમેજ કંટ્રોલ કરવાના તમામ -યાસ કર્યા હતા. પણ તે જાણે કુદરતને મંજુર નહી હોય.



**પાલનપુરના ચડોતરમાં એમ્બ્યુલન્સ અને ટ્રેલર વચ્ચે અકસ્માત : ૩ના મોત**

આજે સવારે રાજસ્થાનથી અમદાવાદ જઈ રહેલી એમ્બ્યુલન્સને બનાસકાંઠાના પાલનપુર ડીસા હાઈવે પર ટ્રેલર સાથે ગમખ્વાર અકસ્માત સર્જાતા ઘટના સ્થળે ૨ વ્યક્તિઓના મોત થયા હતા. જ્યારે વધુ ૧નું પાલનપુરમાં સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું. જેમાં કાન્તિભાઈ રેવાભાઈ ઓઝા સહિત તેમના બંને પુત્રો લલિતભાઈ અને પ્રમોદભાઈ ઓઝાનું પણ મોત થતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. પાલનપુર ડીસા હાઈવે પર ચડોતર નજીક ઓવરબ્રિજ પર એમ્બ્યુલન્સ ટ્રેલરના પાછળના ભાગે અથડાતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજસ્થાના ઝાલોરનો પરિવાર ભોગ બન્યો હતો. પોતાના ભત્રીજાને શ્વાસની બિમારીને ઠીક કરવા જઈ રહ્યા હતા તે દરમિયાન ઓઝા પરિવારને આ અકસ્માત નડતા અકસ્માતમાં પિતા તેમજ તેમના બે પુત્રો સહિત ૩ના મોત થયા છે તેમજ ૨ મહિલા ગંભીર હોવાના પગલે અમદાવાદ ખસેડાઈ છે. જ્યાં તેમની સ્થિતિ ગંભીર બતાવાઈ રહી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સરોલીની યુવતીને સાસરીયા દ્વારા ધમકી અપાતા ચાર સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર તાલુકાના સરોલી ગામે હાલમાં રહેતી અને ગાંધીનગર જીલ્લાના ચરાડા ગામે પરણાવેલી પરિણીતાને લગ્નના એકાદ વર્ષ બાદથી પતિ સહિત સાસરીયા એક બિજાની ચઢામણીથી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. ઉપરાંત પરિણીતાના પતિને બીજી પત્નિ લાવવી હોઈ તેમ કરી મારઝુડ કરી કાઢી મુકતો હતો અને ન જાય તો કેરોસીન છાંટી સળગાવી દેવાની ધમકીઓ ૨આપતા પરિણીતાએ શુક્રવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા મામલો દર્જ થયો હતો.

હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા -ાપ્ત વિગત અનુસાર સરોલી ગામના મંગળસિંહ નાથુસિંહ ચૌહાણની દિકરી સરસ્વતીબેનના લગ્ન ગાંધીનગર જીલ્લાના ચરાડા ગામે રહેતા કાળુજી ઠાકોર સાથે થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદથશી પરિણીતાના સસરા બળદેવજી માધુજી ઠાકરો, સાસુ સજજનબેન અને દિયર સુનીલભાઈની ચઢામણીથી પતિ કાળુજી મારે બીજી પત્નિ લાવવી છે, તારે તો બેબીનો જન્મ થયો છે મારે તો બાબો જોઈતો હતો તેમ કહી શારીરિક માનસિક ત્રાસ અપાતો હતો. ઉપરાંત પરિણીતાને તું જતી રહે નહિતો કેરોસીન છાંટી સળગાવી દઈશું તેવી ધમકી આપતા સરસ્વતીબેન કંટાળી પિતાના ઘરે સરોલી આવી ગયા હતા.

દરમિયાન પતિ સહિત સાસરીયાના ત્રાસ અને ધમકીથી થાકેલી પરિણીતા સરસ્વતીબેને શુક્રવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચી પતિ સહિત ચાર સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો દર્જ કર્યો હતો. પરિણીતાએ મહિલા પોલીસ સમક્ષ કરેલી સામાજીક નિકાલ અર્થે હિંમતનગરમા સમાજ ભેગો કર્યો હતો. પરંતુ તે દરમિયાન પણ પરિણીતાને ગાળો ભાંડી જતા રહેતા અંતે થાકી ચારેય જણા વિરૂધ્ધ ફરિયાદ કરવાની નોબત આવી પડી છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર પાટીયા ટોલનાકા પાસે પ્રાંતિજ તરફ આવતાં બાઈકસવારને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ બેને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# કરોલ ડેમ પાસે હત્યા કરી સળગાવી દેવાયેલ યુવતીની હજી ઓળખ થઈ નથી : હત્યાનું ઘુંટાતું રહસ્ય

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના કરોલ ડેમ પાસે દસ દિવસ અગાઉ વહેલી સવારે કોઈ નળાધમો દ્વારા અંદાજે ૨૫ વર્ષની યુવતીને મોટને ઘાટ ઉતારી તેને સળગાવી દેવામાં આવી હતી પણ તેની હત્યાના દસ દિવસ બાદ પણ પોલીસને કોઈ પગેરું કે યુવતીના સગાસંબંધીઓની ભાર કે યુવતીની ઓળખ થઈ નથી અને તેના હત્યારા આઝાદ ગુમે છે.

પ્રાંતિજ કરોલ ડેમ પાસે અંદાજે ૨૫ વર્ષની યુવતીની અર્ધનગ્ન હાલતમાં સળગાયેલી લાશ તા. ૨૧. ૦૮. ૨૦૧૫ ને શુક્રવારના રોજ વહેલી સવારે મળી આવી હતી. અને તેના જમણાં હાથ ઉપર ઈંગ્લીશમાં ડી.કે. લખેલ ટેટૂ પણ એક માત્ર નિશાની હોવા છતાં પોલીસના હાથે હજું કોઈ કડીઓ મળી નથી અને યુવતીના વ્હાલી વારસદારો દ્વારા હજુ સુધી કોઈ નજીક નાકે અન્ય પોલીસ સ્ટેશનમાં તેની ગુમ થયાની કે અન્ય રીતે ફરિયાદ નોંધાઈના હોવાનું હાલ તો પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે. જયારે અંદાજે ૨૫ વર્ષની યુવતી કયાંથી અને કોણ હશે તેની હજું સુધી કોઈ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ થઈ છે કે કેમ અને શું તેનું મૃત્યુનું કારણ દુષ્કર્મ આચર્યા બાદ હત્યા કરી સળગાવી દેવાઈ છે કે શું તે હાલ તો યુવતીની ઓળખ નાથતાં તેના મોતની સાથે તેના મોતના રહસ્ય ઉપર પર પડદો પડી ગયો છે. પ્રાંતિજ પોલીસને પણ હવે કેવી અને કઈ રીતે સફળતા મળશે એ હવે જોવાનું રહ્યું.

# મોટા સેબલીયામાં સરહદી જમીન બાબતે હુમલો કરતા ૪ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૯

પોશીના તાલુકાના મોટા સેબલીયા ગામે સરહદ નજીક આવેલ જમીન બાબતે નવાવાસ ગામના એક ખેડૂત પર પથ્થર મારો કરી ઈજા પહોંચાડી હતી. તથા એક બકરીને પણ તલવારથી મારી નાખી હતી. ઉપરાંત ખેતરમાં ઉભા પાકને પણ નુકશાન પહોંચાડ્યું હતું. જે અંગે ૪ જણા વિરૂધ્ધ શુક્રવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

નવાવાસના હરમતીયા ફળીમાં રહેતા રામાભાઈ વહતાભાઈ ગમારની જમીન મોટા સેબલીયા પાસેની રાજસ્થાન સરહદ નજીક આવેલી છે. તેઓ ગત બુધવારે ખેતરમાં હતા ત્યારે લાલુ ઉદા બુંબડીયા, ભોયલા ઉદા બુંબડીયા, ભોળા કશના બુંબડીયા અને જીવા ઉદા બુંબડીયાએ આવીને કહ્યું હતુ કે આ જમીન રાજસ્થાનની હદમાં તેમ કહી ઉશ્કેરાઈ જઈ રામાભાઈ ગમાર પર હુમલો કર્યો હતો. તથા ખેતરમાં તેમના ઘરની બહાર બાંધેલ બકરીને તલવારથી મારી નાખી હતી. એટલું જ નહી પણ ઉભા પાકમાં પણ નુકશાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. ત્યારબાદ શુક્રવારે રામાભાઈશ ગામારે ચારેય જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



**રક્ષાબંધન પર્વની ઉજવણીના બદલે ફુગ્ગાના રમકડાં વેચી પરીવારને મદદરુપ થવા સંઘર્ષ કરતા બાળકો**

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર અને જિલ્લાભરમાં રક્ષાબંધન પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી હતી ત્યારે મોજાસા શહેરના જાણીતા ચાર રસ્તા નજીક નગરપાલિકા ટાઉનહૉલની પાસે ગુજરાતના ગતિશીલ વિકાસ અને ગુજરાતમાં સરકાર દ્વારા દર વર્ષે લાખો રૂપિયાનો ધૂમાડો કરી 'બેટી બચાવો... બેટી ભણાવો અને બાળમજૂરી દૂર કરવા' અવનવા ગતકડારુપી કાર્યકરો કરવામાં આવે છે ત્યારે રક્ષાબંધનના પર્વના દિવસે બે બાળકો પોતાના પરીવાર અને પોતાના પાપી પેટનો ખાડો પુરવા માટે ફુગ્ગાઓનાં રમકડાં વેચીને પરીવારને મદદરુપ થવા સંઘર્ષ કરતા નજરે પડતા હતા. બંને માસૂમ બાળકો રક્ષાબંધનના તહેવારના લીધે રમકડાં ઝડપથી વેચાતા બંને બાળકોના ચહેરા પર અનેરી ખુશી જોવા મળતી હતી. રાજય સરકાર દ્વારા આવા બાળકો માટે અભ્યાસની કોઈ યોગ્ય માળખારુપ વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવું આ દશ્ય પરથી જણાઈ રહ્યું છે.

(તસવીર : જય અમીન, મોડાસા)



**મોડાસામાં કોંગ્રેસ દ્વારા રક્ષાબંધન પર્વ ઉજવાયું**

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતુટ વિશ્વાસનું પ્રતિક એટલે રક્ષાબંધન. આ પર્વની ઉજવણીથી પરસ્પર સ્નેહરનો સેતુ મજબૂત બને છે ત્યારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા મોડાસાના ધારાસભ્યની ઉપસ્થિતિમાં એક અનોખા રક્ષાબંધનપર્વની ઊજવણી કરવામાં આવી હતી. મોડાસા ટાઉન હૉલ પાસે યોજાયેલ કાર્યક્રમમાં કોમી એકલાસ અને ભાઈચારાના દશ્યો એ ઉપસ્થિત સૌની આંખોમાં ભીનાશ લાવી લીધી હતી. આ પ્રરસંગે હિન્દુ-મુસ્લિમ એકતાના દશ્યો જોવા મળ્યા હતા. જેમાં હિંદુ બહેનોએ મુસ્લિમ ભાઈઓને હાથે રક્ષા કવચ બાંધ્યું હતું તો મુસ્લિમ બહેનોએ પણ હિંદુ ભાઈઓને હાથે રાખડી બાંધી માનવતા અને અતૂટ વિશ્વાસની ઝાંખી કરાવી હતી. મોડાસાના ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખ ઈકબાલભાઈ અને નગરપાલિકામાં વર્ષોથી અવિરતપણે ચૂંટાઈ આવાત હુસેન ભાઈ અને રાજા બાબુ જેવા અનેક આગેવાનો સહિતના તમામ કોંગ્રેસી આગેવાનો અને કાર્યકર્તાની હાજરીમાં યોજાયેલ રક્ષાબંધન પર્વની ઉજવણી એ નવો રાહ ચીંધી કોમી એકલાસ દર્શાવ્યો હતો. **(તસવીર : સમીર બલોચ, મોડાસા)**

# હિંમતનગરમાં રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જીલ્લામાં શનિવારે રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જશે અંતર્ગત શામળાજી અને ખેડબ્રહ્મા સ્થિત અંબિકા માતાજીના મંદિરમાં ભક્તોએ આવી દર્શનનો લાભ લીધો હતો. તેજ -માણે હિંમતનગર સહિત જીલ્લાના વિવિધ સ્થળે ભુદેવોએ શુભ મુર્હુતમાં શા સ્ત્રોક્ત વિધિ કરી યજ્ઞોપવિત ધારણ કરી હતી.

રક્ષાબંધન પર્વ નિમિત્તે હિંમતનગરના ખેડ તસીયા રોડ પર આવેલ ગાયત્રી આશ્રમમાં પણ સમુહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજાયો હતો. એવુ કહેવાય છે કે બ્રહ્માજીની ઈચ્છા પુરી થઈ તે દિવસે શ્રાવણી પૂનમનો દિવસ હતો. સૃષ્ટિના સર્જનમાં જ્ઞાન અને કર્મ નામના બે તત્વો જોડાયેલા છે. તે આધારે મનુષ્યની ગરીમાનો વિકાસ થયો છે. ધર્મના પણ બે -તિક છે. એક જ્ઞાનની ધજા એટલે શિખા (વાળીની ચોટલી) તથા યજ્ઞોપવિતને કર્તવ્ય મર્યાદા માનવામાં આવે છે. જેમાં મનુષ્યને આગળ અને પાછળથી બાંધી દેવામાં આવે છે. આ -સંગે વ્યાસપીઠ પરથી કનુભાઈ સુથારે વેદમંત્રોની સમજ આપી ૧૫૦ થી વધુ બ્રહ્મણોને જનોઈ બદલાવી હતી.

પર્વ નિમિત્તે -ાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, ભિલોડા સહિતના અન્ય સ્થળે પણ બહેને ભાઈને રાખડી બાંધી દિર્ઘાયુ માટે -ભુ -ાર્થના કરી હતી.

# નારાજીના મુવાડામાં ઠપકો આપતા માર માર્યો

હિંમતનગર, તા. ૨૯

તલોદ તાલુકાના નારાજીના મુવાડા ગામે શુક્રવારે દિકરીને હેરાન કરવા બાબતે તેના પરિવારે શખ્સને ઠપકો આપતા ૪ જણાએ ઉશ્કેરાઈ જઈ એક ઈસમને ઈજા પહોંચાડી હતી. જેથી તેને સારવાર માટે તલોદ લવાયો હતો. ત્યારબાદ ગામના જ એક ઈસમે ૪ શખ્સો વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે નારાજીના મુવાડા ગામે રહેતા વીશુસિંહ રામસિંહ જાડેજાની દિકરીને અવારનવાર ગામનાજ ભુપતસિંહ વિજયસિંહ ઝાલા હેરાન કરતા હતા. જે અંગે ભીખુસિંહને ગામના આગેવાનોની હાજરીમાં ઠપકો આપી સમાધાન કરાવ્યું હતું. તેમ છતાં શુક્રવારે સવારે ભીખુસિંહ જગતસિંહ જાડેજા તથા તેમના ભાઈ મહેન્દ્રસિંહ ઘરે હતા ત્યારે ભુપતસિંહ તથા અન્ય ૩ જણાએ કહ્યું હતું કે મને ઠપકો કેમ અપાવ્યો અને ઉશ્કેરાઈ જઈ વિજયસિંહે આવીને મહેન્દ્રસિંહના માથામાં ઈજા પહોંચાડફી હતી. તથા ભીખુસિંહે પણ લાકડી મારી હતી. જેના મારણે તેમણે બુમાબુમ કરતા ચારેય જણા ભાગી ગયા હતા. ત્યારબાદ ભીખુસિંહ જગતસિંહ જાડેજાએ ગામનાજ ભુપતસિંહ ઝાલા, કાળસિંહ ઝાલા, વિજયસિંહ ઝાલા, ગોપાલસિંહ ઝાલા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

અનામતની આગને પગલે બનાસકાંઠા જિલ્લામાં પણ ભારે પ્રત્યાઘાત પડ્યા હતા જેના પગલે જિલ્લામાં ભારે તબાહી પણ સર્જાઈ હતી. જિલ્લામાં લાખોનું નુકશાન થવા પામ્યું હતું તો બીજી તરફ ૨ યુવકોના મોત પણ થયા હતા. જો કે છેલ્લા ૩ દિવસના પેરા મિલેટ્રીના બંદોબસ્તને પગલે આજે પાલનપુર તેમજ ગઢનું જનજીવન ફરીથી પૂર્વવત થવા પામ્યું છે! તેમજ આજે પ્રાંત અધિકારી દ્વારા શહેરમાં શાંતિ સમિતિની બેઠક બોલાવી હતી. તેમજ શહેરમાં ફરીથી માહોલ સર્જાય તે અંગે વિચારના કરાઈ હતી, જો કે શાંતિ સમિતિના સભ્યો દ્વારા પણ પાલનપુર તેમજ ગઢના માહોલને ફરીથી પૂર્વવત કરવા પર ભાર મૂકાયો હતો.

# પરમાત્માએ સૂચવેલા કલ્યાણના માર્ગે આગળ વધવું જોઈએ

હિંમતનગર, તા. ૨૯

સમગ્ર દેશમાં શનિવારે રક્ષાબંધન પર્વ ઉજવાયું છે ત્યારે દરેક મનુષ્યએ પરમાત્માએ સુચવેલા કલ્યાણના માર્ગે આગળ વધવું જોઈએ એમ હિંમતનગરમાં ચાર્તુમાસ નિમિત્તે પધારેલા મુની સંજયજીએ પોતાના સત્સંગ -વચનમાં જણાવ્યું હતું.

પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે સંજય મુનીજીએ વધુમાં જણાવ્યું હતું કે સર્વકષ્ટ, સર્વરોગ નિવારણ તથા કલ્યાણના આર્શિવાદ મેળવવા માટે દરેક માનવીએ -ભુએ સુચવેલા માર્ગે ચાલવું જોઈએ. રક્ષાબંધનના દિવસે ભાઈનો બહેન -ત્યેનો તથા બહેનનો ભાઈ -ત્યેનો સબંધ અતુટ હોય છે. જેથી તેમા ભારોભાર સંતોષની લાગણી અનુભવાય છે.

પર્વ નિમિત્તે જૈન શ્રાવકો દ્વારા સંજય મુનીજી મહારાજના ઓઘા (મુની દ્વારા આર્શિવાદ આપવા વપરાતો ગુચ્છ)ને રક્ષા બાંધવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જૈન સં-દાયમાં કોઈ મુની મહારાજને હાથે રાખડી બાંધી શકાતી નથી. તેથી જ તો તેમના ઓઘાને રક્ષાબંધનના દિવસે રાખડી બાંધવામાં આવે છે. આ -સંગે ૭ કન્યાઓ દ્વારા શા સ્ત્રોક્ત વિધિથીશ ઓઘાને રાખડી બાંધવામાં આવી હતી.

# આજે હિંમતનગરમાં પદમાવતી દેવીના એક કરોડ જાપ કરાશે

હિંમતનગર, તા. ૨૯

જૈનોના ચાર્તુમાસ નિમિત્તે હિંમતનગરમાં સંજય મુનીજી મહારાજની નિશ્રામાં સત્સંગના કાર્યક્રમ ચાલી રહ્યા છે ત્યારે રવિવારે હેરીટેજ પાર્ટી પ્લોટમાં સવારે ૯ વાગે સકલ સંઘ હિંમતનગર દ્વારા પદમાવતી દેવીના એક કરોડ જાણ કરવાનું આયોજન કરાયું છે. જેમાં મુની દ્વારા સિધ્ધ જ્ઞાનના વાસક્ષેપ અપાશે.

## પોશીના સ્વામિનારાયણ મંદિરમાં બાળ પારાયણ યોજાઈ

પોશીના ખાતે નવ નિર્મિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં તાજેતરમાં બાળ પરાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાળકો માટે ઘનશ્યામ ચરિત્ર સંદર્ભે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા બાળકોને વ્યસન મુક્તિ તથા બાળ સભાથી થતા ફાયદાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. જેનું સંચાલન દર્શન સોની તથા ઋતુરાજસિંહ વાઘેલાએ કર્યુ હતું.